Letter No: ED/0409/10/2025 Approved Date: 10-12-2025

પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં (D.El.Ed.) (તત્કાલીન પી.ટી.સી.)
પ્રવેશ અંગેના નિયમો ઘડવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- ED/OTH/e-file/3/2025/5586/N
સચિવાલય, ગાંધીનગર
તા. /૧૨/૨૦૨૫

**વંચાણે લીધાઃ-**

(1) શિક્ષણ વિભાગનો તા.૦૨/૦૭/૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ-સીએમ/૧૪૧૨/૭૦૨/ન
(2) પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીની સિંગલ ઈ-ફાઈલ તા.૩૦/૦૯/૨૦૨૫ની ક્રમાંક - DPE/PLAN/e-file/105/2025/5022/Plan

**પ્રસ્તાવનાઃ-**

વંચાણે લીધેલ સંદર્ભ (૧) પર વિભાગના તા.૦૨/૦૭/૨૦૧૨ ના ઠરાવથી પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં (D.El.Ed.) (તત્કાલીન પી.ટી.સી.) પ્રવેશ અંગેના નિયમો બહાર પાડેલ હતા. વંચાણે લીધેલ સંદર્ભ (૨)પર પ્રાથમિક શિક્ષણ નિયામકની ઈ-સિંગલ ફાઈલથી ITI તથા ડીપ્લોમાં કોર્સના આધારે ધોરણ-૧૨ સમકક્ષ પ્રમાણપત્ર ધરાવતા ઉમેદવારોને D.El.Ed માં પ્રવેશ આપવા તેમજ મેરિટમાં ગણવા અંગેની બાબત સરકારશ્રીમાં વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવઃ-**

પુખ્ત વિચારણાને અંતે પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં (D.El.Ed.) (તત્કાલીન પી.ટી.સી.) પ્રવેશ અંગેના નિયમોમાં ITI તથા ડીપ્લોમાં કોર્સના આધારે ધોરણ-૧૨ સમકક્ષ પ્રમાણપત્ર ધરાવતા ઉમેદવારોને D.El.Ed માં પ્રવેશ આપવા તેમજ મેરિટમાં ગણવા અંગેનો નીચે મુજબનો નિયમ ઉમેરવામાં આવે છે.

| ૪.૧.૧(૧) | નિયમ |
|---|---|
| | **અ) ડીપ્લોમા લાયકાત ધરાવતા ઉમેદવારો માટે**<br>• ટેકનીકલ પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલ ડીપ્લોમાંની પરીક્ષામાં TOP 10 વિષયોની માર્કશીટ આધારે મેળવેલ ગુણને ધોરણ-૧૨ ના ગુણ તરીકે ધ્યાને લેવાના રહેશે.<br>• ડીપ્લોમાંની GTU દ્વારા લેવાયેલ પરીક્ષામાં ડિપ્લોમાના છેલ્લા બે સેમેસ્ટરના (છેલ્લુ વર્ષ) માર્કશીટના આધારે મેળવેલ ગુણને ધોરણ-૧૨ ના ગુણ તરીકે ધ્યાને લેવાના રહેશે.<br>• ડીમ્ડ / પ્રાઈવેટ યુનિર્વસિટી દ્વારા લવાયેલ પરીક્ષામાં યુનિર્વસિટી જે રીતે માર્કશીટમાં ગુણ દર્શાવતી હોય તે મુજબ માર્કશીટના આધારે મેળવેલ ગુણને ધોરણ-૧૨ ના ગુણ તરીકે ધ્યાને લેવાના રહેશે.<br>**બ) ઔધોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.)ની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે**<br>• ઔધોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) માંથી બે વર્ષના કોર્ષના અંતિમ વર્ષની માર્કશીટના કુલ ગુણ અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી ધોરણ-૧૨ ની અંગ્રેજી વિષયની પરીક્ષાના ૧૦૦ ગુણ મળીને કુલ થતાં ગુણમાંથી મેળવેલ ગુણને ધોરણ-૧૨ ના ગુણ તરીકે ધ્યાને લેવાના રહેશે.<br>**ક) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૨ સમકક્ષતા પ્રમાણપત્ર મેળવેલ હોય તેવા તમામ ઉમેદવારને સામાન્ય પ્રવાહના ઉમેદવાર તરીકે ધ્યાને લેવાના રહેશે.** |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(હેતલ સચાણીયા)**
**સેકશન અધિકારી,**
**શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર**

પ્રતિ,
1. માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવ, સચિવાલય, ગાંધીનર
2. માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

File No: ED/OTH/e-file/3/2025/5586/N - Primary Education-2
Approved By: Deputy Secretary,N - Primary Education-2,ED
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*



3. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, બ્લોક-૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની, કચેરી મારફત)
5. સિલેક્ટ ફાઈલ.

**DPE/PTC/e-file/105/2025/6582/J-PTC**
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજય, ગાંધીનગર.,

File No: DPE/PTC/e-file/105/2025/6582/J-PTC
Approved By: Director of Primary Education,DPE
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

પ્રતિ
પ્રાચાર્યશ્રી / આચાર્યશ્રી / સંચાલકશ્રી ,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન , તમામ
સરકારી અધ્યાપન મંદિર, તમામ
ગ્રાન્ટેડ અધ્યાપન મંદિર, તમામ
સ્વનિર્ભર પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં સંસ્થા તમામ ,

ઉપરોક્ત ઠરાવની જાણ તથા અમલ થવા સારું.

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગુ.રા. ગાંધીનગર

નકલ રવાના જાણ સારું
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી તમામ

Signature Not Verified
Signed by:B.D.Baria
Deputy Director of Education (Plan)
Date:2025.12.24
13:59:08 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign